ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

સમાચાર

	મહત્તમ	લઘુતમ
અંકલેશ્વર	૩૯.૦° સે.	૩૦.૦° સે.
બારડોલી	૩૬.૦° સે.	૨૮.૦° સે.
ભરૂચ	૪૦.૦° સે.	૩૦.૦° સે.
વ્યારા	૩૬.૦° સે.	૨૮.૦° સે.

૪ | બુધવાર ૧૦ જૂન, ૨૦૨૬ | કામરેજ | પલસાણા | ઓલપાડ | સાયણ | કીમ-કોસંબા | કડોદ | માંડવી | મહુવા | વાલોડ | સોનગઢ | ઉકાઇ | અંકલેશ્વર | હાંસોટ

સંક્ષિપ્ત સમાચાર

ગોદાવાડી ગામમાં જુગાર રમતા ૮ ઝડપાયા

ઈલ્યાસ શેખ, હિતેશ પટેલ

પલસાણા, માંડવી: માંડવી પોલીસ સ્ટેશન વિસ્તારના ગોદાવાડીમાં વરેઠ ખાડી પાસે મોબાઇલની લાઇટના અજવાળે જુગાર રમતા ૮ આરોપીને પોલીસે ઝડપી પાડ્યા છે, જ્યારે ૩ આરોપી નાસી છૂટ્યા હતા. પોલીસે સ્થળ પરથી અને અંગજડતીમાંથી રોકડા રૂ.૧૪,૭૦૦, રૂ.૪૯,૦૦૦ની કિંમતના ૯ નંગ મોબાઇલ તથા ગંજીપાના મળી કુલ રૂ.૬૩,૭૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પકડાયેલા આરોપીઓમાં અજયભાઇ મકવાણા, અશોકભાઇ ચૌધરી, શ્રીકાંતભાઇ પટેલ, જયેશભાઇ રાઠોડ, અનિલભાઇ પટેલ, સંદીપભાઇ ચૌધરી, દિનેશભાઇ પટેલ અને મનીષભાઇ પટેલનો સમાવેશ થાય છે. પોલીસે ફરાર આરોપીઓની શોધખોળ સાથે કાર્યવાહી હાથ ધરી છે.

કેવડિયામાં દારૂનો નાશ કરાયો

માંડવી: અરેઠના કેવડિયામાં 7 પોલીસ સ્ટેશનો દ્વારા જપ્ત કરાયેલો રૂ.3,38,29,100ની કિંમતનો વિદેશી દારૂનો મોટો જથ્થો રોલર અને જેસીબી મશીન ફેરવીને સંપૂર્ણપણે નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી નશાબંધી અધિક્ષક, ડીવાયએસપી વનાર, મદદનીશ પોલીસ અધિક્ષક અક્ષેશ એન્જિનિયર અને માંડવી પ્રાંત અધિકારીની સીધી ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં તડકેશ્વર, માંડવી, ઝંખવાવ, ઉમરપાડા, માંગરોળ, પાલોદ અને કોસંબા પોલીસ સ્ટેશનના પી.આઈ., પીએસઆઈ સહિત પોલીસ જવાનોનો મોટો કાફલો તૈનાત રહ્યો હતો. સુરક્ષાના ભાગરૂપે માંડવી નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટના સ્થળે હાજર રહી હતી.

પલસાણાના તાતીઝગડાની કંપનીમાં પતરાના શેડ પરથી પટકાતાં શ્રમિકનું મોત

પલસાણા: તાતીઝગડા ગામની 'સવર્ગમ ફેબ પ્રાઇવેટ લિમિટેડ' કંપનીમાં કામ કરતી વખતે ૧૫ ફૂટ ઊંચા પતરાના શેડ પરથી પગ સ્લિપ થતાં ૨૫ વર્ષીય શ્રમિક નસીમ ખાન નીચે પટકાયા હતા. મૂળ બિહારના અને હાલ સાકી ગામે રહેતા આ યુવાનને માથામાં ગંભીર ઈજા થતાં ચલથાણની સંજીવની હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સિથાણ ગામમાં શ્રમિકની લાશ મળી

સાયણ: પીપોદરા ખાતે રહી મજૂરી કરતો મૂળ ઉત્તરપ્રદેશનો ૨૫ વર્ષીય મનોજ યાદવ ગત ૬ તારીખે કાકરાપાર નહેરમાં નાહવા પડ્યો હતો. નાહતી વખતે પાણીના પ્રવાહથી બચવા પકડેલું દોરડું અચાનક તૂટી જતાં તે ઊંડા પાણીમાં તણાયો હતો. ત્રણ દિવસ બાદ તેની લાશ ઓલપાડના સિથાણ ગામની સીમમાંથી નહેરમાંથી મળી આવી હતી. ઓલપાડ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વરેલીમાં ઘરમાં બેભાન થતાં યુવકનું મોત

પલસાણા: વરેલી ગામે શાંતિનગરમાં રહેતા ૩૧ વર્ષીય યુવક રાજકપૂર બાલજી ધોઈ ગત ૮ જૂનના રોજ સવારે પોતાના ઘરે અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સુરતની સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

લાડવીના ધો.11ના વિદ્યાર્થી અર્ણવસિંહે પિસ્તોલ શુટિંગમાં ગોલ્ડ મેડલ મેળવ્યો

કામરેજ: કામરેજના લાડવી સ્થિત આર.એમ.જી. મહેશ્વરી ઇંગ્લિશ સ્કૂલના ધોરણ-૧૧ના વિદ્યાર્થી અર્ણવસિંહ યોગેશકુમાર વાંસિયાએ રમતગમત ક્ષેત્રે શાળા અને જિલ્લાનું નામ રોશન કર્યું છે. ૭ જૂન, ૨૦૨૬ના રોજ યોજાયેલી '૩ જી ગુજરાત આંતર સ્કૂલ શુટિંગ સ્પર્ધા-૨૦૨૬'માં અર્ણવસિંહે શાનદાર પ્રદર્શન કરીને યૂથ મેન કેટેગરીની પિસ્તોલ શુટિંગમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે. આ અગાઉ ૧૯ મે, ૨૦૨૬ના રોજ યોજાયેલી '૧૩૫મી ઇન્ડિયા ઓપન શુટિંગ સ્પર્ધા'માં પણ તેણે સબયૂથ મેન કેટેગરીમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. અર્ણવસિંહની આ અદભૂત સિદ્ધિ બદલ શાળાના પ્રિન્સિપાલ, સ્પોર્ટ્સ શિક્ષક વિક્રાંતભાઈ તથા સમગ્ર સ્કૂલ પરિવારે તેને અભિનંદન પાઠવ્યાં છે.

BIMSTEC આંતરરાષ્ટ્રીય પરિષદમાં ઉંભેળનું ગૌરવ

વિશાલ પટેલ

કામરેજ: ભારત સરકારના વિદેશ મંત્રાલય (MEA) અને ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) દ્વારા બિમસ્ટેક સચિવાલયના સંયુક્ત સહયોગથી ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી ખાતે પ્રતિષ્ઠિત દ્વિદિવસીય આંતરરાષ્ટ્રીય પરિષદ સફળતાપૂર્વક યોજાઈ ગઈ હતી. Strengthening BIMSTEC's Role in Connectivity, Culture & Cooperationના વ્યૂહાત્મક વિષય પર આયોજિત આ ઉચ્ચ સ્તરીય પરિષદમાં ગુજરાતના પૂર્વ સૌથી યુવા સરપંચ, વર્તમાન ડેપ્યુટી સરપંચ અને સુરત જિલ્લા યુવા મોરચાના પ્રમુખ ઉંભેળના દર્શન પટેલે ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે દેશ, ગુજરાત અને સુરત જિલ્લાનું ગૌરવપૂર્ણ નેતૃત્વ કર્યું છે. ૬ અને ૭ જૂન દરમિયાન યોજાયેલી આ પરિષદમાં બિમસ્ટેક (BIMSTEC) સંગઠનના સાત સભ્ય દેશો ભારત, બાંગ્લાદેશ, ભુતાન, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઇલેન્ડના ઉચ્ચસ્તરીય નીતિ-નિર્માતાઓ, રાજદ્વારીઓ અને શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા.

મિલમાં કાપડના ટાંકા નીચે ફસાતાં શ્રમિકનું મોત

પલસાણા: બલેશ્વરની 'મોનિકા ફેબ્રિક્સ' કંપનીમાં ૮ જૂન ૨૦૨૬ના રોજ બપોરે સામાન ચડાવવાની લિફ્ટમાં કાપડના ભારેભરખમ ટાંકા નીચે ફસાઈ જવાથી ૩૮ વર્ષીય શ્રમિક રાજુ મિશ્રાનું મોત નીપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ સુરત રહેતા શ્રમિકના મોત અંગે તેમના મોટાભાઈએ પોલીસને જાણ કરી હતી. આ ગંભીર દુર્ઘટનાને પગલે પલસાણા પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે, તેમજ આ અકસ્માત પાછળ કંપની સંચાલકોની કોઈ બેદરકારી કે સુરક્ષા ખામી જવાબદાર છે કે કેમ તે દિશામાં પીએસઆઈ ડી.એસ.રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

પીસાદ ગામમાં સ્વચ્છતા અભિયાન

ઈલ્યાસ શેખ

પલસાણા: કલેક્ટરના માર્ગદર્શન હેઠળ સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં 'સ્વચ્છતા સપ્તાહ'ની ઉજવણી જોરશોરથી ચાલી રહી છે. જે અનુસંધાને પલસાણા તાલુકાના પીસાદ ગામે વહેલી સવારથી જ ઉત્સાહભેર સ્વચ્છતા પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાન થકી ગામે ગામ લોકોને કચરો ગમે ત્યાં ન ફેંકવા, સૂકા અને ભીના કચરાનું વર્ગીકરણ તથા કચરાના યોગ્ય નિકાલ માટે જાગૃત કરાયા હતા. ગામનાં વિવિધ જાહેર સ્થળો પર શ્રમદાન કરી સફાઈ ઝુંબેશ ચલાવી અને વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંવર્ધનનો સંદેશો પાઠવાયો હતો.

કીમ-માંડવી રોડ પર નોનવેજનો કચરો નંખાતાં લોકો હેરાન, પોલીસ ફરિયાદ

જાહેર રોડ પર ગંદકીના પગલે રોગચાળો ફાટી નીકળે એ પહેલાં પગલાં ભરવા માંગ

ઈબ્રાહીમ કાનુ

હથોડા: કીમ-માંડવી સ્ટેટ હાઈવે પર પાલોદ ગામની હદમાં રાત્રિના અંધારામાં વેજ-નોનવેજનો ગંદો કચરો જાહેર માર્ગ પર ફેંકી દેવાના ગંભીર મામલે પાલોદના સરપંચ કાંતિભાઈ આહિરે પાલોદ પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. પંચાયતના લેટરપેડ પર કરાયેલી આ ફરિયાદને પગલે સ્થાનિક વહીવટી તંત્ર અને પોલીસ એક્શનમાં આવ્યાં છે.

સરપંચના જણાવ્યા મુજબ જી.એમ. પ્લાસ્ટિક ગલીથી લઈને કોઠવા પાટિયા સુધીના મુખ્ય રોડ પર કેટલાંક માથાભારે અસામાજિક તત્ત્વો રાત્રિના અંધારાનો લાભ ઉઠાવી હોટલ કે લારીઓનો ગંધાતો કચરો રોડ પર જ ઠાલવી ભાગી છૂટે છે. ગામમાં કચરાના નિકાલ માટે ડમ્પિંગ સાઈડની સુવિધા ઉપલબ્ધ હોવા છતાં, આ ઈસમો દ્વારા જાણીજોઈને સ્વચ્છ વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જે જગ્યાએ આ ગંદકી ફેંકવામાં આવે છે, તેની આજુબાજુમાં જ હાઈસ્કૂલ, પ્રાથમિક શાળા, મંદિર અને દવાખાનાં આવેલાં છે. આ વિસ્તારમાંથી પસાર થતા રાહદારીઓ અને શાળાના માસૂમ વિદ્યાર્થીઓને અસહ્ય અને ભયંકર દુર્ગંધનો સામનો કરવો પડી રહ્યો છે. આથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આ ગંદકીના કારણે વિસ્તારમાં કોઈ ગંભીર રોગચાળો ફાટી નીકળે તેવી ભીતિ સેવાઈ રહી છે. સરપંચે કચરો ફેંકનારાં આવાં તત્ત્વોને વહેલી તકે ઝડપી પાડી તેમની સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વ્યારામાં સાઈબર ફ્રોડનાં નાણાં સગેવગે કરનાર આરોપી ઝડપાયો

વ્યારા: વ્યારામાં 'ઓપરેશન મ્યુલ હંટ 2.0' અંતર્ગત તાપી સાયબર ક્રાઈમ બ્રાંચે મોટી સફળતા મેળવી છે. અહીં પોતાના બેંક ખાતા 10% કમિશનથી ભાડે આપી રૂ.5.12 કરોડથી વધુના સાયબર ફ્રોડનાં નાણાં સગેવગે કરનાર મુખ્ય આરોપી વ્યારાના દાદરી ફળિયાના આકાશ કુમાવતની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં વડોદરા અને વ્યારાના અન્ય ચાર સાગરીતો (અબ્દુલ કરીમ, ઇમરાન, સલમાન ખાન અને દૈનિક પટેલ) સામે પણ ગુનો નોંધાયો છે. ભારત સરકારના સમન્વય પોર્ટલ પર મળેલી ફરિયાદોના આધારે તપાસ કરતાં આ નેટવર્કનો પર્દાફાશ થયો હતો.

પકડાયેલા આરોપીના 5 બેંક ખાતાંમાંથી દેશભરમાં SBI અને IFFC બેંક વિરુદ્ધ થયેલી આશરે 65 જેટલી સાયબર ફ્રોડની ફરિયાદોનો ભેદ ઉકેલાયો છે, જેમાં કુલ રૂ.12.75 કરોડથી વધુની ઓનલાઈન ઠગાઈ સામે આવી છે. હાલ પોલીસ અન્ય ફરાર આરોપીઓને શોધવા ચક્રો ગતિમાન કર્યાં છે.

કરંજમાં રોજિંદી ટોલ વસૂલાત સામે સ્થાનિકોમાં આક્રોશ, આંદોલનની ચીમકી

પાંચ કિલોમીટરના અંતરના વિસ્તારમાં ટોલ મુક્તિની માંગ

હિતેશ પટેલ

માંડવી: કરંજ ટોલ નાકા પર સ્થાનિક વાહનચાલકો અને ટોલ સંચાલકો વચ્ચે ફરી એકવાર વિવાદનો મધપૂડો છંછેડાયો છે. ટોલ નાકા દ્વારા આસપાસના નજીકના વિસ્તારોમાં રહેતા વાહનચાલકો પાસેથી પણ નિયમિત રીતે ટોલ વસૂલવામાં આવી રહ્યો હોવાથી સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. જો આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ નહીં આવે તો આગામી દિવસોમાં અહીં ઉગ્ર આંદોલન થવાનાં એંધાણ વર્તાઈ રહ્યાં છે.

પ્રાપ્ત વિગતો અનુસાર કરંજ ટોલ નાકાની આસપાસ રહેતા લોકોને તેમના રોજિંદા કામકાજ, નોકરી કે વ્યવસાય અર્થે દિવસમાં અનેકવાર આ ટોલ નાકા પરથી પસાર થવું પડે છે. સ્થાનિકોની ફરિયાદ છે કે પોતાના જ ઘરની નજીકના વિસ્તારમાં અવરજવર કરવા માટે રોજેરોજ ટોલ ચૂકવવો તે આર્થિક રીતે બોજારૂપ અને સદંતર અન્યાયી છે. આ અન્યાયી ઉઘરાણીના વિરોધમાં સ્થાનિક વાહનચાલકો અને ગ્રામજનોએ એકજૂટ થઈ ટોલ તંત્રને લેખિતમાં ઉગ્ર રજૂઆત કરી છે. તેમની મુખ્ય માંગણી એ છે કે ટોલનાકાથી 5 કિ.મી.ની ત્રિજ્યામાં રહેતા તમામ સ્થાનિક વાહનચાલકોને ટોલમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવે. સ્થાનિકોએ લેખિત રજૂઆત સાથે સ્પષ્ટ શબ્દોમાં ચીમકી ઉચ્ચારી છે કે, જો તેમની આ વ્યાજબી માંગણીઓનો વહેલી તકે યોગ્ય ઉકેલ લાવવામાં નહીં આવે, તો તેઓ આગામી 12 જૂન ને શુક્રવારે સવારે 9:30 વાગ્યાના સમયે કરંજ ટોલ નાકા ખાતે જલદ આંદોલન કરશે. સ્થાનિકો દ્વારા આપવામાં આવેલા આ અલ્ટિમેટમને પગલે ટોલ તંત્રમાં દોડધામ મચી છે.

ખાખીનો ખૌફ ખલ્લાસ! કડોદરામાં ૧૨ વર્ષની માસૂમનું અપહરણ

સુમસામ ગલી અને એકલતાનો લાભ ઉઠાવી અજાણ્યો ઉઠાવી ગયો

પલસાણા: કડોદરા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. કડોદરાના શાંતિનગરની નેપાળી ગલીમાંથી ૧૨ વર્ષની એક માસૂમ કિશોરીનું અજાણ્યો શખ્સ અપહરણ કરી જતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે આક્રોશ છે, તો બીજી તરફ પલસાણા-કડોદરા બેલ્ટમાં સતત વધતી ગુનાખોરી સામે સ્થાનિક પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે.

ગત તા.૭/૬/૨૦૨૬ના રોજ સાંજે છ વાગ્યાના સુમારે આ માસૂમ બાળકી ઘરની બહાર રમી રહી હતી. તે સમયે તેની માતા ઘરમાં રસોઈ બનાવી રહી હતી અને પરિવારનો અન્ય સભ્ય બજારમાં શાકભાજી લેવા ગયો હતો. સુમસામ ગલી અને એકલતાનો લાભ ઉઠાવી અજાણ્યો અપહરણકર્તા બાળકીને કાયદેસરના વાલીપણામાંથી ઉઠાવી રફુચક્કર થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતાને જોઈ કડોદરા પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૧૩૭(૨) હેઠળ ગુનો નોંધી, લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતની અલગ-અલગ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.

કડોદરાની સુરક્ષા કાજે કરોડો રૂપિયાના ખર્ચે બે તબક્કામાં સીસીટીવી કેમેરા નેટવર્ક ઊભું કરાયું હતું, જેનું કંટ્રોલિંગ સીધું કડોદરા પોલીસ મથકના અદ્યતન મોનિટરિંગ રૂમમાંથી થાય છે. પરંતુ જ્યારે તપાસ ટીમ અપહરણકર્તાના સગડ મેળવવા ફૂટેજ ચેક કરવા દોડી, ત્યારે આ વિસ્તારના તમામ કેમેરા બંધ હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. અપહરણકર્તા કઈ દિશામાં ભાગ્યો તેના કોઈ ક્લૂ ન મળતાં અત્યારે પોલીસ અંધારામાં તીર મારી રહી છે.

માંડવીના ઘંટોલી ગામે બંધ કોલામાં આગ લાગતાં અફરાતફરી

હિતેશ પટેલ

12 કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી

માંડવી: માંડવીના ઘંટોલી ગામે બંધ શેરડીના કોલામાં સંગ્રહિત બગાસમાં અગમ્ય કારણોસર ભીષણ આગ ફાટી નીકળી હતી. કોલાના માલિક લાલુભાઈ આહીરે તુરંત જાણ કરતાં માંડવી ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી.

આગ વધુ ફેલાય નહીં તે માટે વોટર બાઉઝર અને મીની ફાયર ટેન્ડર જેવાં સાધનો વડે સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. સવારે 10:30 વાગ્યે શરૂ થયેલી આ કામગીરી રાત્રે 11:20 વાગ્યા સુધી, એટલે કે સતત 12 કલાક સુધી ચાલી હતી. ત્યારબાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આ કામગીરી દરમિયાન મામલતદાર, સર્કલ ઓ ફિ સર યોગેશભાઈ અને રાજેશભાઈએ હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું. આગ ઓલવવામાં ફાયર કર્મચારીઓએ મહત્ત્વ ની ભૂમિકા ભજવી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તંત્રએ વધુ તપાસ હાથ ધરી છે.

અરેઠના ઉશ્કેર-રામકુંડ ગામમાં વેલ્ડિંગની દુકાનમાં ચોરીનો પ્રયાસ

માંડવી: અરેઠના ઉશ્કેર-રામકુંડ ગામે આવેલી 'સાહિલ વેલ્ડિંગ' નામની દુકાનમાંથી રાત્રિના સમયે લોખંડની એંગલો ચોરવાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો. મૂળ ઝારખંડના દુકાનદાર મકસુદ હુલાસ અંસારી હંમેશ મુજબ દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. દરમિયાન, મોડી રાત્રે બે ઈસમ દુકાન બહારથી આશરે ૫,૮૦૦ની કિંમતની ૮૦ કિલો લોખંડની એંગલો ચોરીને ભાગી રહ્યા હતા. દુકાનની બાજુમાં તબેલો ધરાવતા જાગૃત નાગરિક અશોકભાઈ માંગુકિયાએ આ ચોરોને જોઈ જતાં તેમને પડકાર્યા હતા. પકડાઈ જવાના ડરથી બંને ચોરો લોખંડની એંગલો નહેર પાસે જ મૂકીને અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. આ ઘટના અંગે મકસુદભાઈએ ઉશ્કેર-રામકુંડના સુનીલ વસાવા અને ધરમપોરના અશ્વિન વિરુદ્ધ પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી ફરાર આરોપીઓને ઝડપી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે.

માંડવીમાં પૂરપાટ બાઈકે વિદ્યાર્થીને અડફેટે લીધો

હિતેશ પટેલ

માંડવી: નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે માંડવીમાં શાળા છૂટવાના સમયે ત્રિપલ સવારીમાં પૂરઝડપે આવતી બાઈકે એક વિદ્યાર્થીને અડફેટે લેતાં તે ઈજાગ્રસ્ત થયો હતો. સ્થાનિકોએ તેને સારવાર અર્થે ખસેડ્યો હતો. ઘટનાની ગંભીરતા જોઈ પોલીસે અકસ્માત સર્જનાર બાઈકને ડિટેઇન કરી હતી. આ ઘટનાથી વાલીઓમાં ભારે રોષ વ્યાપ્યો છે અને તેમણે શાળાની આસપાસ પોલીસ પેટ્રોલિંગ વધારવાની માંગ કરી છે. પગલાં સ્વરૂપે, પોલીસે મોડિફાઇડ સાઇલેન્સર અને ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનચાલકો સામે વિશેષ ઝુંબેશ ચલાવી ત્રણ બાઈક જપ્ત કરી છે અને કડક કાર્યવાહીની ચેતવણી આપી છે.